MIDDAY-GUJARATI, Mumbai, 25.1.2024
Page No. 5, Size:(8.88)cms X (8.03)cms.

**Bridge over Auranga river in Valsad ready for bullet train**

# બુલેટ ટ્રેન માટે વલસાડમાં ઔરંગા નદી પર બ્રિજ તૈયાર

## સુરત અને બિલિમોરામાં સ્ટેશન બનાવવાનો ધમધમાટ : અમદાવાદમાં બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ માટે સેગમેન્ટ ઇરેક્શનના કામને કારણે મણિનગર રેલવે ક્રૉસિંગ ટ્રાફિક માટે બંધ કરાયું

મિડ-ડે પ્રતિનિધિ
feedbackgmd@mid-day.com



**અમદાવાદ :** મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડનારી દેશની પહેલી બુલેટ ટ્રેન માટે વલસાડ જિલ્લામાંથી પસાર થતી ઔરંગા નદી પર બુલેટ ટ્રેન માટેનો બ્રિજ તૈયાર થયો છે. બીજી તરફ સુરત અને બિલિમોરામાં સ્ટેશન બનાવવાનો ધમધમાટ ચાલી રહ્યો છે.

મુંબઈ અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટના કામમાં ઝડપ આવી રહી છે. વલસાડ જિલ્લામાંથી પસાર થતી ઔરંગા નદી પરથી પસાર થનારી બુલેટ ટ્રેન માટેનો બ્રિજ તૈયાર થઈ ગયો છે. આ ઉપરાંત સુરતમાં બુલેટ ટ્રેનનું સ્ટેશન ડાયમન્ડ આકારમાં બની રહ્યું છે અને કોન્કોર્સ સ્લૅબ અને રેલ લેવલ સ્લૅબનું કામ પૂરું થયું છે અને પ્લૅટફૉર્મ લેવલ સ્લૅબનું કાસ્ટિંગ શરૂ થયું છે. બિલિમોરા સ્ટેશનના ચાલી રહેલા કામમાં ૨૮૮ મીટર રેલ લેવલ સ્લૅબનું કાસ્ટિંગ કામ પૂરું થયું છે. એ ઉપરાંત અમદાવાદમાં બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ માટે સેગમેન્ટ ઈરેક્શનનાં કામ શરૂ થશે જેના પગલે અમદાવાદમાં મણિનગર રેલવે ક્રૉસિંગ પાંચમી ફેબ્રુઆરી સુધી બંધ રહેશે. આ ક્રૉસિંગ બંધ રખાતાં વાહનચાલકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરીને ટ્રાફિકને ડાયવર્ટ કરાયો છે. સુરત અને બિલિમોરા ઉપરાંત વાપી, ભરૂચ, આણંદ, વડોદરા, અમદાવાદ અને સાબરમતી સ્ટેશનોનાં કામ બાંધકામના વિવિધ તબક્કામાં ચાલી રહ્યાં છે. બીજી તરફ મહારાષ્ટ્રમાં મુંબઈ સ્ટેશન માટે કામ શરૂ થયું છે, જેમાં એન્કર ફિક્સિંગનું કામ શરૂ થઈ ગયું છે જે બીજા સ્તર માટે ખોદકામને સરળ બનાવશે.